# ગુજરાત ગંભીર, કોરોના નવા ચાર હજારને પાર, ૩૫નાં મોત

## રાજ્યના મોટા શહેરોમાં વાયરસનું સંક્રમણથી હાહાકાર : છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૯૭૭, સુરતમાં ૯૬૦, રાજકોટમાં ૪૨૭, વડોદરામાં ૪૯૦ નવા કેસો નોંધાયા

ગાંધીનગર,તા.૮

સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૦૨૧ કેસો નોંધાયા છે જ્યારે ૨૧૯૭ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે વધુ ૩૫ દર્દીઓના મોત થતાં કુલ મૃત્યુઆંક ૪૬૫૫ પર પહોંચ્યો છે. રાજ્યના મોટા શહેરોમાં કોરોના વાયરસના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૯૭૭, સુરતમાં ૯૬૦, રાજકોટમાં ૪૨૭, વડોદરામાં ૪૯૦ નવા કેસો નોંધાયા છે. છેલ્લા ત્રણ દિવસથી કોરોનાનો આંકડો ૩ હજારને પાર પહોંચી ગયો હતો પરંતુ આજે તો તમામ રેકોર્ડ બ્રેક કરતાં ૪૦૨૧ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના પર કાબૂ મેળવી શકાતો નથી.

રાજ્યમાં ૪૦૨૧ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૨૯૭ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૦૭,૩૪૬ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૨.૪૪ ટકાએ પહોંચ્યો હતો.

હજુ સુધીમાં ૭૪,૦૪,૮૬૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૯,૨૭,૯૭૬ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૮૩,૩૨,૮૪૦ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨,૧૭,૯૨૯ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૪૭,૧૦૦ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૨૦,૪૭૩ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૮૨ લોકો વેન્ટિલેટર પર છે અને ૨૦,૨૯૧ લોકો સ્ટેબલ છે. ૩,૦૭,૩૪૬ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૬૫૫ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૩૫ લોકોનાં દુખદ નિધન થયા છે. સુરત કોર્પોરેશનમાં ૧૪, અમદાવાદ કોર્પોરેશનમાં ૮, રાજકોટ કોર્પોરેશનમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨, અમદાવાદ ૧, રાજકોટ ૧, અમરેલી ૧, ભરૂચ ૧, ભાનગર ૧, જામનગર ૧, મહેસાણા ૧, વડોદરા ૧ આ પ્રકારે કુલ ૩૫ લોકોનાં મોત નિપજ્યાં છે.

## હિંમતનગરની સીમ્સ હોસ્પિટલમાં

# ઓક્સિજન ખૂટી પડતાં કોરોના દર્દી ભગવાન ભરોસે

### હોસ્પિટલ સત્તાવાળાઓએ હાથ ઉંચા કર્યા, દર્દીઓને અન્ય જગ્યાએ શિફ્ટ કરો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્રની સબસલામતની પોલ ખૂલી છે. હિંમતનગરની સીમ્સ હોસ્પિટલમાં કોરોનાની સારવાર દરમ્યાન ઓક્સિજન ખૂટી પડતાં દર્દીઓને ભગવાન ભરોસે હોસ્પિટલ સત્તાવાળાઓએ છોડી દીધા હતા. સગાઓને અન્ય જગ્યાએ શિફ્ટ કરવાનું કહેતાં હોસ્પિટલ સંકુલમાં હલચલ મચી ગઈ છે. જિલ્લામાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન અને દવાનો જથ્થો હોવાનું ગાણું ગાતા સાબરકાંઠા વહીવટી તંત્રએ સીમ્સ હોસ્પિટલમાં ગુરૂવારે સાંજે ૪-૦૦ વાગે શું બન્યું તેની તપાસ કરી હોસ્પિટલના સી.સી.ટીવી ફૂટેજ ચેક કરવા જોઈએ તેવો સૂર ઉભો થયો છે.

છેલ્લા એક પખવાડીયાથી હિંમતનગર શહેર અને સાબરકાંઠા જિલ્લો કોરોનાનું હોટ સ્પોટ બની ગયો છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ ખૂટી પડતાં અનેક દર્દીઓને સ્વજનોએ જીવ બચાવવા માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા છે. હિંમતનગરના મોતીપુરા સર્કલ પાસે આવેલી સીમ્સ હોસ્પિટલમાં કોવિડના ૩૦ જેટલા દર્દીઓની સારવાર ચાલી રહી છે.

પરંતુ તા.૮ના રોજ ઓક્સિજન ખૂટી પડતાં હોસ્પિટલ સત્તાવાળાઓએ દર્દીઓના સગાઓને તાબડતોબ બોલાવી તેમને અન્ય જગ્યાએ શિફ્ટ કરવા જણાવી દીધું હતું. દર્દીના સગા અતુલભાઈ જોષીએ જણાવ્યું કે દર્દી કોરોનાથી બચવા માટે માતબર ખર્ચ કરીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે આવતા હોય છે. પરંતુ ઓક્સિજન ખૂટી જાય એટલે દર્દીને અન્યત્ર જગ્યાએ શિફ્ટ કરવાનું કહી દર્દીના સગાઓને પણ હાલાકીમાં મૂકવામાં આવ્યા છે. સીમ્સ હોસ્પિટલની આવી બેદરકારી સામે પગલાં ભરવાં જોઈએ તેવી માંગ કરી છે.






### ઓક્સિજન ખૂટી પડતાં ૫ દર્દી શિફ્ટ કર્યા : હોસ્પિટલ સૂત્રો

સીમ્સ હોસ્પિટલ-હિંમતનગરનો સંપર્ક કરતાં તેઓએ ટેલિફોનિક મુલાકાતમાં સ્વીકાર્યું કે ઓક્સિજન ખૂટી પડ્યો હતો જેથી ૫ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે તેમ બીલીંગનું કામ સંભાળતા રાજ પટેલે જણાવ્યું છે.

## સ્થિતિ વણસી : ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના અધધ ૧૨૦૦ એક્ટિવ કેસ

### સ્વજનોને બચાવવા ઈન્જેક્શનો લેવા માટે લોકોની અમદાવાદ ભણી દોટ, તંત્ર સામે આક્રોશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ગુજરાતમાં બેકાબુ બનેલા કોરોનાએ ઉત્તર ગુજરાતને ઘમરોળવાની શરૂઆત કરી છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૧૨૬૩ કોરોનાના એક્ટિવ કેસ સામે આવ્યા છે. મહેસાણા-પાટણમાં સ્થિતિ વિસ્ફોટક છે. અરવલ્લી જિલ્લામાં સ્થાનિક આંકડાઓ બિહામણા છે પરંતુ આરોગ્ય વિભાગે માત્ર ૫૯ એક્ટિવ કેસ હોવાનું જાહેર કર્યું છે.

ઉત્તર ગુજરાતમાં કોરોનાના રોજ નવા રેકોર્ડ કેસ નોંધાઈ રહ્યા છે. ખાનગી હોસ્પિટલો હાઉસફુલ થઈ છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં પૂરતી સવલત મળતી નથી. કોરોનાના દર્દીઓને બચાવવા માટે જરૂરી ઈન્જેક્શન અને ઓક્સિજનની અછતથી તંત્ર સામે આક્રોશ ઉભો થયો છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં કોરોનાના દર્દીઓ માટે જરૂરી રેમડેસિવિયર ઈન્જેક્શનની અછત સામે આવતાં હવે માત્ર અમદાવાદમાં જ ઈન્જેક્શન મળી શકે તેવી જાણકારી પછી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા કોરોના સંક્રમિત દર્દીને મૂકીને સ્વજનોએ અમદાવાદ ભણી દોટ લગાવી છે. સ્થિતિ બેકાબુ હોવા છતાં તંત્ર સબસલામતની આલબેલ પોકારે છે. કોરોનાના વિકરાળ સ્વરૂપ પાછળ લોકોની બેદરકારી પણ જવાબદાર છે.

કોરોના બેકાબુ બનતાં એક પછી એક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વેપારીઓએ પોતાના અને પ્રજાના જીવ બચાવવા માટે સ્વયંભૂ અને આંશિક લૉકડાઉનનું એલાન કર્યું છે. આગામી ૪ અઠવાડીયાં ઉત્તર ગુજરાતની પ્રજા માટે અગ્નિ પરીક્ષારૂપ બની શકે છે.

**પાછલા ૨૪ કલાકમાં એક્ટિવ કેસ**

| જિલ્લો | કેસ સંખ્યા |
|---|---|
| પાટણ | ૪૯૪ |
| મહેસાણા | ૪૫૮ |
| સાબરકાંઠા | ૧૩૧ |
| બનાસકાંઠા | ૧૧૮ |
| અરવલ્લી | ૫૯ |

## પોલીસની હાંસી : મોડાસા હંગામી એસ.ટી. ડેપોમાં ખિસ્સા કાતરૂઓના અડીંગા, ખાખી વર્દી ગાયબ

### બે મુસાફરોના પાકીટ ચોરાયાં, સી.સી.ટીવી કેમેરા શોભાના ગાંઠીયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

અરવલ્લીના વડામથકમાં પોલીસની ખિસ્સા કાતરૂઓ હાંસી ઉડાવતા હોય તેવું લાગે છે. મોડાસા હંગામી એસ.ટી. ડેપોમાં આવતા અનેક મુસાફરોનાં ખિસ્સાં હળવાં થયાં છતાં ખિસ્સા કાતરૂ બાહોશ પોલીસને મળતા નથી. ગત રોજ એસ.ટી. બસમાં મુસાફરી કરી રહેલા ૨ મુસાફરોના પાકીટ ચોરાતાં મુસાફરો માટે દુકાળમાં અધિક માસ જેવી સ્થિતિ સામે આવી. ગેરકાયદે પ્રવૃત્તિ ઉપર રોક લગાવવા સી.સી.ટીવી કેમેરા લગાવ્યા છે પરંતુ તે પણ શોભાના ગાંઠીયારૂપ બન્યા છે.

જિલ્લાના પાટનગર મોડાસામાં હંગામી એસ.ટી. ડેપો કાર્યરત કરાયો ત્યારથી કોઈને કોઈ મુદ્દે ચર્ચામાં રહેતો આવ્યો છે. બસ મથકમાં સફાઈના નામે મીંડુ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. પ્લેટફોર્મ નજીક શોષ ખાડો કાયમી ઉભરાતાં તિવ્ર દુર્ગંધથી મુસાફરો પરેશાન બની ગયા છે ત્યાં હવે બસ મથકમાં ખિસ્સા કાતરૂ ટોળકીએ ધામા નાખ્યા છે. ખાસ કરીને લાંબા રૂટ ઉપરથી આવી મોડાસા એસ.ટી. ડેપોમાં પ્લેટફોર્મ ઉપર થોભતી એસ.ટી. બસને ખિસ્સા કાતરૂઓ વધુ નિશાન બનાવી રહ્યા છે. ગત રોજ પાદરા-વિજાપુર એસ.ટી. બસ મોડાસા ડેપોમાં આવીને પ્લેટફોર્મ ઉપર થોભી જે સમયે કેટલાક મુસાફરો બસમાંથી નીચે ઉતર્યા હતા જે સમયે ચબરાક ખિસ્સા કાતરૂઓએ ૨ મુસાફરોનાં ખિસ્સાં હળવાં કરી પૈસા ભરેલાં પાકીટ ચોરી લીધાં હતાં આ અગાઉ પણ એસ.ટી. ડેપોમાં પાર્ક કરવામાં આવેલા વાહનોની ચોરી તેમજ મુસાફરોના સામાનની તફડંચીના બનાવો નોંધાયા હોવા છતાં હંગામી એસ.ટી. ડેપોમાં ક્યાંય પોલીસ દેખાતી ન હોવાથી ખિસ્સા કાતરૂઓએ હવે હંગામી ડેપોમાં કાયમી ધામા નાખતાં મુસાફરોનાં ખિસ્સાં ખાલી થઈ રહ્યાં છે.

## ડિજિટલ મીડિયામાં નૈતિક આચારસંહિતા અમલમાં આવતાં અભદ્ર અને અહિતકારી પ્રચાર સામગ્રી પર અંકુશ આવ્યો હોવાના પ્રાથમિક સંકેતો

અમદાવાદ, ૦૮

પીઆઈબી,અમદાવાદ દ્વારા આજે એક વિશિષ્ઠ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યભરમાંથી ૨૦૦ ઉપરાંત ડિજિટલ મીડિયા હેડ્સ, અખબારી આલમનાં અગ્રણીઓ, ઈલેક્ટ્રોનિક મીડિયા તંત્રીશ્રીઓ, વરિષ્ઠ પત્રકારો, પત્રકારત્વ સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થીઓ વગેરેની ઓનલાઈન ઉપસ્થિતિમાં યોજાયેલ આ વેબીનારમાં નવી દિલ્હીથી માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવશ્રી વિક્રમ સહાયે તથ્યપૂર્ણ નિદર્શન રજૂ કર્યું હતું. શ્રી સહાયે જણાવ્યું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને ભારતમાં વ્યવસાય કરવા માટે આવકાર છે પરંતુ તેમણે ભારતના બંધારણ અને કાયદાઓનું પાલન કરવું જરૂરી છે. સંયુક્ત સચિવશ્રીએ કહ્યું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ ચોક્કસપણે પ્રશ્નો પૂછવા અને ટીકા કરવા માટે થઈ શકે છે. શ્રી સહાયે ભારપૂર્વક જણાવતાં ઉમેર્યું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે સામાન્ય વપરાશકર્તાઓને સશક્ત કર્યા છે પરંતુ તેમણે તેના દુરુપયોગ સામે જવાબદારી લેવી પણ જરૂરી છે.

આવા નિયમો પર પ્રકાશ પાડતાં પીઆઈબીનાં અપરમહાનિદેશક ડૉ.ધીરજ કાકડિયાએ કહ્યું કે નવા નિયમો સોશિયલ મીડિયાના સામાન્ય વપરાશકર્તાઓને સશક્ત બનાવે છે. તેમની ફરિયાદના નિવારણ અને સમયસર નિરાકરણ માટેના વ્યવસ્થાતંત્રને સાકાર કરે છે. આ નિયમો બાબતે ખોટી અવધારણાઓનો છેદ ઉડાડી નાખવા કરાયેલ જોગવાઈનો ખ્યાલ આપતાં શ્રી કાકડિયાએ ઉમેર્યું કે ડિજિટલ મીડિયા અર્ને અંગેના નિયમોમાં ઈન હાઉસ અને સ્વનિયમનના વ્યવસ્થાતંત્ર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેના દ્વારા પત્રકારત્વ અને સર્જનાત્મક સ્વતંત્રતાને બહાલી આપતી વખતે મજબૂત ફરિયાદ નિવારણ વ્યવસ્થાતંત્ર પૂરું પાડવામાં આવ્યું છે.

એક પ્રશ્નના જવાબમાં શ્રી વિક્રમ સહાયે સ્પષ્ટતા કરી કે પ્રસ્તાવિત માળખુ પ્રગતિશીલ,ઉદાર અને સમકાલોચિત છે. તેમાં સર્જનાત્મકતા અને વાણી તેમજ અભિવ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે ઉચિત જોગવાઈઓ કરાઈ છે. થિયેટર અને ટેલિવિઝનની સરખામણીએ ઈન્ટરનેટ નિહાળનારા પ્રેક્ષકો વચ્ચેના તફાવતને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકાઓ તૈયાર કરવામાં આવી છે.

રાજ્યભરમાંથી ઓનલાઈન પ્લેટફોર્મ પર જોડાયેલા વરિષ્ઠ પત્રકારોએ નિયમોને આવકાર્યા હતાં. ચર્ચાનો સૂર હતો કે ડિજિટલ પબ્લિશર્સ દ્વારા તત્કાલ સરકારને મૂળભૂત માહિતી પૂરી પાડી ફરિયાદ નિવારણ પ્રણાલી પ્રસ્થાપિત કરી દેવી જાહેરહિતમાં છે.






### લોલાસણ બ્રાંચ પોસ્ટ ઓફિસનું અદાપુર ગામમાં સ્થળાંતર

સાબરકાંઠા જિલ્લાની લોલાસણ બ્રાંચ પોસ્ટ ઓફિસને અદાપુર ગામમાં સ્થળાંતરિત કરવામાં આવી છે. ભારતીય પોસ્ટ વિભાગ અધિક્ષક ડાક ઘર સાબરકાંઠા હિંમતનગરની એક અખબારી યાદીમાં જાહેર જનતા,સરકારી અર્ધસરકારી અને જાહરે સંસ્થાએ હવે પત્ર વ્યવહાર કરવામાં આવે તો બ્રાંચ પોસ્ટ ઓફિસનું નવીન નામ અદાપુર બ્રાંચ પોસ્ટઓફિસ તેમજ તેનો નવીન પીન કોડ નંબર ૩૮૩૦૩૦ ફાળવવામાં આવ્યો છે. જાહેર જનતાએ ટપાલ વ્યવહારમાં મુશ્કેલી ન પડે તે હેતુંસર જાહેર જનતાએ નોંધ લેવા જણાવાયું છે.

## કોરોનાનું તાંડવ...

● છેલ્લા પાનાનું ચાલુ

પેથાપુરમાંથી ૩ કેસ, સરગાસણમાંથી ૧૦ કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૫૧૫ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૩૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૦૭૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડકાઈથી થાય તેમજ હોમ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે પણ તંત્રએ કડક તાકીદ કરી છે.

ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સની સાથે સાથે ઘણા બધા ગામોએ સ્વયંભુ લોકડાઉન કરવાના નિર્ણયો કર્યા છે. કેટલાક ગામોમાં તો બપોર પછી બજારની તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસમાં ૪૩ કેસ નોંધાતા તંત્ર દોડધામમાં જ અટવાઈ જવા પામ્યુ હતુ. શહેરમાં કોરોનાના એક જ દિવસમાં આજે નોંધાયેલા કેસો એક વિક્રમ સમાન છે.

કોરોનાની આ બીજી લહેરમાં લોકોનું ઝડપથી ટ્રેસીંગ અને ટ્રેકીંગ થાય તે માટે ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ છે. શહેરમાં સઘન સર્વેલન્સ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે એટલુ જ નહિ આઉટ સોર્સિંગથી પેરામેડિકલ કર્મયોગીઓની ભરતી પ્રક્રિયા પણ મનપાના તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૧ મહિલા દર્દી નોંધાયા છે. કોરોનાની બીજી લહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એક અધિકારી, શાકભાજીનો વેપારી, જીઆઈએસએફનો કર્મયોગી, શેક્શન અધિકારી, મધુર ડેરીનો કર્મયોગી, કૂક, જાહેર સેવક, ક્લાર્ક, શિક્ષક, ડ્રાયવર, સિક્યોરીટી, ખરણા વનનો ક્લાર્કનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં કોરોના માટે અગાઉ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી કેસો મળવાના જે રીતે શરૂ થયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૮ માંથી ૫, સે. ૭ માંથી ૫, ગાંધીનગરનું હાર્દ ગણાતા સે. ૨૧ માંથી ૫ કેસ મળ્યા છે. આ ઉપરાંત સે. ૩, ૨૭ માંથી ૪-૪, સે. ૨૮ માંથી ૩, સે. ૨૫ માંથી ૩, સે. ૨૩ માંથી, ૩, સે. ૨૦, ૧૪ અને સે. ૫ માંથી ૨-૨ કેસ મળ્યા છે. સે. ૨૬, ૧૯, સે. ૧૬ માંથી તેમજ બોરીજ અને આદિવાડા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં માઈક્રો કન્ટેન્મેન્ટ જોનની સંખ્યા પણ વધી જવા પામી છે. શહેરમાં ૬ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલા છે. શહેરમાં આજે ૨૮ લોકો રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## સે-૩ સાંઈબાબા મંદિર ૩૦ એપ્રિલ સુધી બંધ રહેશે

ગાંધીનગર તા ૮

શહેરમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. આમ નાગરિકો કોરોનાના સંક્રમણથી બચવા માટે ઘરમાં રહેવાનુ જ પસંદ કરી રહ્યા છે. ત્યારે વિવિધ જાહેર સ્થળોએ જવાનુ પણ પસંદ કરતા નથી કોરોનાના કેસ વધતા ધાર્મિક જગ્યાઓએ પણ દર્શનાર્થીઓ જોવા મળતા નથી. કોરોના સંક્રમણથી બચવા માટે શહેરમાં રાત્રિ કરફયુ પણ જાહેર કરી દેવાયો છે.

ત્યારે સેકટરોમાં સ્થિત મંદિરો પણ કોરોના કાળમાં બંધ રાખવા માટે તબક્કાવાર મંદિર કક્ષાએથી નિર્ણય લેવામાં આવી રહ્યો છે. સે- ૩ માં પણ સાંઈ બાબા મંદિર આગામી તા ૩૦ એપ્રિલ સુધી બંધ રાખવા નિર્ણય લેવાયો છે. સે- ૩ સાંઈબાબા મંદિરમાં ગુરુવાર સહીત આડા દિવસોમાં પણ ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે કોરોનાના સંક્રમણને ધ્યાને લઈ ટ્રસ્ટી નરેન્દ્રભાઈ શાહે મહીનાના અંત સુધી મંદિર બંધ રાખવા માટે નિર્ણય લીધો છે.

## સુરતના જરીવાલા પરિવાર માટે કોરોના કાળ બન્યો

કોરોનાએ બીજા રાઉન્ડમાં ઘાતક સ્વરૂપ ધારણ કર્યુ છે. ઘાતક બનીને ત્રાટકી રહેલો કોરોના હવે નાના મોટા તમામને પોતાની ઝપટમાં લઈ રહ્યો છે. નાના બાળકો પણ હવે કોરોનાની ઝટપમાં આવી રહ્યા છે. અનેક કિસ્સામાં આખા પરિવારો કોરોના પોઝિટિવ આવી રહ્યા છે. સુરત શહેરમાં કોરોનાની ભયાનક સ્થિતિ વચ્ચે ગોપીપુરાના જરીવાલા પરિવાર માટે કોરોના કાળ બનીને ત્રાટક્યો છે. સીટી સ્કેન સેન્ટરમાં ટેસ્ટિંગ માટે ગયેલા પિતાનું અચાનક તબિયત લથડતા ઢળી પડતા મોત થયું હતું. પિતાના મૃત્યુના આઘાતમાંથી પરિવાર માંડ બહાર આવે ત્યાં તો ચોથા દિવસે માતાને પણ કોરોના ભરખી ગયો હતો. કાતિલ કોરોના માતા-પિતાને છીનવી લેતા સમગ્ર જરીવાલા પરિવાર ઘેરા આઘાતમાં ડૂબી ગયો છે.